
# કોના માટે ?

ડો આઇ. કે. વીજળીવાળા

એક વખત એક નાનકડી પણ તોફાની નદીને કેટલાક માણસો પસાર કરી રહ્યાં હતાં.નદી પર પુલ નહોતો.આવતાં-જતાં લોકોએ સ્વાનુભવથી અમુક રસ્તો નક્કી કરી લીધો હતો.સાચવી જાળવીને લોકોએ આશરે નક્કી કરેલા રસ્તા પરથી પસાર થઇને નદી ઓળંગી લેતાં.બધાને ખબર હતી કે આ આશરે નક્કી કરેલા રસ્તાની બંને તરફ જ થોડાક પગલાં દૂર જવાથી ઉંડા ખાડા અને વમળ હતાં, પણ પુલ તો હતો નહીં એટલે થાય પણ શું? એ પંદરેક પગલાં જેટલી પહોળી નદી લોકો એમ જ આશરે પસાર કરી લેતાં. પસાર થઇ રહેલા માણસોમાં એ દિવસે એક વૃધ્ધ માણસ પણ હતો. અવસ્થા અને આંખની થોડીક નબળાઇના કારણે મહામુશ્કેલીથી એણે રસ્તો પસાર કર્યો.એની પાછળજ પોતાના નાનકડા બાળકનો હાથ પકડીને માંડ માંડ રસ્તો પસાર કરી રહેલી એક સ્ત્રીને જોઇને એમને દયા આવી. એ દાદા સુથાર હતા. સામે કાંઠે પહોંચીને તરત જ એમણે પોતાના ખભે રાખેલા થેલામાંથી ઓજારો કાઢ્યાં. આજુબાજુ ઉગી નીકળેલા વાંસ અને જંગલી વેલાઓ કાપીને એમણે લાકડાંનો પુલ બનાવવાનું શરુ કર્યું. આવતાં-જતાં લોકોમાંથી થોડાંક માણસો આ દ્રશ્ય જોઇને ઉભા રહી ગયાં કોઇકે વળી સુથારદાદાને પૂછી પણ લીધું, કેમ દાદા શું કરી રહ્યા છો ? પુલ બનાવો છો ? પોતાના કામમાં મશગુલ થઇ ગયેલા દાદાએ ઉંચું જોયા વિના જ માથું હલાવી હા પાડી. દાદા ! અહીં જ આસપાસમાં કયાંક રહો છો ? પસાર થતાં લોકોમાંથી



કોઇક બીજાએ પૂછ્યું. ના ! દાદાએ જવાબ વાળ્યો. તો પછી રોજ અહીંથી આવવા જવાનું થતું હશે ખરું ને ? પ્રશ્ન કરનારને આશ્ચર્ય થયું હતું, કે જો આ માણસ અહીંયા ન રહેતો હોય તો વળી એ પુલ બનાવવાની જફા શું કામ વહોરે ? નક્કી એને વારંવાર આ નદી ઓળંગવી પડતી હશે. ના! દાદાએ વાંસને એક સરખા કાપીને એકબીજા સાથે મજબુત બાંધતા કહ્યું, હવે પેલા માણસની નવાઇનો પાર ન રહ્યો.પોતાનો જરાક પણ સ્વાર્થ ન હોય ત્યાં કોઇ આટલું હેરાન થાય ખરું? એનાથી કહ્યા વિના ન રહેવાયું, દાદા ! તો પછી આ બધી માથાકૂટ મૂકોને પડતી ! કોના માટે આ પુલ બાંધી રહ્યા છો ? હવે એ દાદાએ ઉંચું જોયું. કંઇ પણ બોલ્યા વિના પોતાની માતાનો હાથ પકડીને માંડ માંડ નદી પસાર કરી રહેલા બીજા એક બાળક સામે આંગળી ચીંધી.પછી ફરી પોતાના કામે લાગી ગયા. હંમેશાં પોતાની જાત માટે જ કંઇ કરવા કરતાં કયારેક બીજા માટે પણ કંઇક કરી છૂટીએ ત્યારે ખરેખર અતિ પ્રસન્નતાના અધિકારી બની જવાય છે.અને એ કામ પછી જરાય ભારરૂપ નથી રહેતું.

▪